## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મૂખે સત્તાનું હાડકું, શ્વાનો દોડાદોડી કરે છે,*
*'ખૂરશી' જોઈ થાય ભૂરાંટા, પડાપડી કરે છે,*
*ઘૂરકે છે સામસામા ગાળાગાળીના નિવેદનથી -*
*મૂકે મર્યાદા વડીલોની ને તડાફડી કરે છે...*
*(યુપીમાં ચૂંટણીના મુહુર્ત થયાં)*

### હાઈકુ

*કરે છે મ્યાઉં!*
*મુલાયમની બિલ્લી -*
*ભરાવે ન્હોર!*

*કાકા માંથી થ્યા -*
*શિવપાલ, ભત્રીજા,*
*પદ નો પર્યો!*

### ચિંતન

**ઈન્દ્રિયાણિ જરાવશં કુર્વન્તિ**

ઈન્દ્રિયો વૃદ્ધાવસ્થાને નિમંત્રણ આપે છે.

ચાણક્ય સૂત્રમાંથી ઉપરોક્ત શ્લોક લેવામાં આવેલ છે. પોતાની ઈન્દર્યોને વશમાં ના રાખનાર, ખાનપાન આચારવિચારમાં સંયમ ના જાળવનાર મનુષ્ય, એનાથી દૂર રહેતી વૃદ્ધાવસ્થાને પોતાની પાસે આવવા નિમંત્રણ પાઠવે છે. ઈન્દ્રિયો પર સંયમ ન રાખનાર માનવીનું યૌવન બહુ જલ્દી-વિદાય લે છે અને વૃદ્ધાવસ્થા એને ઘેરી વળે છે.

શારીરિક રોગો આજકાલ અવનવાં નામ અને રૂપ ધરી મોટી-મોટી હોસ્પિટલોમાં આપણું સ્વાગત કરવા ખડેપગે રહે છે. માણસ જીભ અને પેટ પાસે લાચાર થઈ સંયમ વિના સ્વાદનો દાસ થઈ 'બહારનું' ગમે ત્યારે, ગમે તેવું, ગમે તેટલું 'ખા - ખા' કરી પોતાના જઠર-હોજરી-લીવર પર અત્યાચાર કરે છે અને રોગી બનેલો ભોગી અંતે લાચાર થઈ 'દર્દી' તરીકે રિબાય છે.

### સુવિચાર

- ત્રણ માણસો એક વાત ખાનગી રાખી શકે... જો એમાંથી બે મરી ગયા હોય તો - **ફ્રેંકલીન**
- નામું, ઠામું, ભાણું ત્રણેય ચોખ્ખા રાખવા - **મારવાડી કહેવત**
- મૂર્ખતાને ઢાંકવા બ્રહ્માએ મૌન સર્જન કર્યું - **રમણ મહર્ષિ**
- મનડું ખરું બંધન અને મનડું એ જ મોક્ષ, વળગણ વિષયના બાંધે, વિષય છૂટે ત્યાં મોક્ષ - **ગીતા**
- તમારા દુશ્મનનું ભલું ઈચ્છો અને એમ કરીને એના શસ્ત્રો છીનવી લો - **હેન્ટી હોફમેન**
- માણસે કાન બધાને આપવા પણ જીભનો લાભ બને તેટલો થોડાને આપીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- ખીણની ઊંડાઈ પર્વતની ઊંચાઈ જેટલી હોય છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : મોઢામાં ચીકાશ રહેતી હોય તો રોજ સવારે ગરમ પાણીમાં લીંબુ નીચોવી સોડા ભેળવીને પીવાથી ચીકાશ દૂર થાય છે અને પેટ સાફ આવે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઘણીવાર આપણે માત્ર દેખાદેખીને કારણે જ ખોટાં-મોટાં કામ માટે કૂદી પડી સાહસના ખાડામાં કૂદી પડીએ છીએ. પહેલાં માણસે ખૂદ પોતાની શારીરિક-આર્થિક-સામાજિક-માનસિક શક્તિનો સંપૂર્ણ 'તાગ' મેળવવા આખાંય સાહસનો અથેતિ અભ્યાસ કરવો જોઈએ અને વિચારી લેવું જોઈએ કે મારાથી આ કાર્ય 'સફળતાપૂર્વક' પૂર્ણ થશે કે નહીં! પછી જ હાથમાં લેવું - હાથમાં લીધા પછી તે કાર્ય કોઈ પણ સંજોગોમાં વચ્ચેથી મૂકવું નહીં.

વિદેશમાં ગરીબ ઘરમાં જન્મેલા ડૉ. જોન હન્ટર સખ્ત પરિશ્રમ કરી ડૉકટરી અભ્યાસ કર્યો અને નાનું સરખું દવાખાનું શરુ કર્યું.

પછીથી એમને ખૂબ ખ્યાતિ મળી અને સુવિધાજનક મોટું દવાખાનું ખોલ્યું. તેમને યુવાનીથી ઓળખતા એક પ્રૌઢ પત્રકારે એમને આ સફળતાનું રહસ્ય પૂછ્યું.

ડૉ. જોન હન્ટર કહે - કામનો તાગ કાઢીને હું નક્કી કરું છું. મારાથી થશે કે નહીં! પછી જ આરંભ કરું છું અને કદી અધુરું છોડતો નથી.

# સરકારનો સકારાત્મક પ્રતિભાવ

છેલ્લાં દોઢ-બે વરસથી ગુજરાતમાં યુવા નેતાગીરીનો યુગ શરુ થયો છે. વળી આ યુવાનો પરંપરાગત રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ લઈને મેદાનમાં નથી આવ્યા. એમણે વણસી રહેલાં મૂલ્યોની ચિંતા છે, પોતપોતાના સમાજનાં હિતો એમના હૈયા વસેલાં છે. ઓછામાં ઓછા ત્રણ યુવાનો નેતાઓનાં નામ તરત જ હોઠે ચડે : પાટીદારો માટે અનામત આંદોલન ચલાવી અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠી રહેલ હાર્દિક પટેલ, ક્ષત્રિય ઠાકોર સમાજને દારૂના સકંજામાંથી છોડાવવા ઝુંબેશ ચલાવી રહેલા ઝુઝારુ યુવક અગ્રણી અલ્પેશજી ઠાકોર અને દલિતો પર થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવનાર જિગ્નેશ મેવાણીનો ઉદય એક રીતે નેતૃત્વના શૂન્યાવકાશ ટાણે આશ્વાસનરુપ ઘટના જ ઘણાવી જોઈએ. હાર્દિક પટેલે અનેક યાતનાઓ છતાં એમની જીદ જાળવી રાખી છે, પરંતુ એમાં થોડાક વિવાદો પણ છે જયારે અલ્પેશજી ઠાકોરનું સામાજિક આંદોલન શુદ્ધ રચનાત્મક મુદ્દે આગળ વધી રહ્યું છે અને સરકારને પણ એની તાકાતનો અંદાજ આવી જતાં વાણિયા મૂછ નીચી - ન્યાયે એમની તમામ માગણીઓ કેમેરા સમક્ષ સ્વીકારી લેવાની ફરજ પડી છે. દારૂબંધીના કાર્યક્રમને આઝાદીની ચળવળ કરતાં પણ અગ્રસ્થાને મૂકતા રહેતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું અધુરું રહી ગયેલું સ્વપ્ન પાર પાડવાનો સંકલ્પ કર્યો હોય એમ અલ્પેશજી ઠાકોર આખા રાજયમાં ખૂણે ખૂણે ફરી વળીને આ મુદ્દે એમના ઠાકોર સમાજમાં જબરી લોકજાગૃતિ લાવી શક્યા છે, જેની પ્રતીતિ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે રવિવારના દિવસે સ્વયંભૂ ઊમટેલી વિશાળ જનમેદનીએ કરાવી છે. પોલીસની ગણતરીઓને પણ ઊંધી વાળતી આ વિશાળ રેલી એના નેતાના શબ્દે શબ્દને વળગી રહી અને જયાં સુધી સરકારના સિનિયર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એમની દરેકે દરેક માગણીનો શબ્દશઃ અમલ કરવાની ખાતરી ન આપી ત્યાં સુધી એક માણસ પણ આછોપાછો ન થયો તે ઘટના ઘણી સૂચક છે. લોકશાહીમાં આખરી સત્તા લોકો પાસે જ હોવી જોઈએ, એનો પર પરચો ઠાકોર સેનાએ આપી દીધો. ચાળીસ હજારથી વધુ લોકો કશી સગવડ વગર ખુલ્લામાં ધોધમખતો તાપ વેઠતા બેસી રહ્યા, તે પણ કોઈ રાજકીય પદ મેળવવા માટે નહીં, પરંતુ દારૂના દૈત્ય સામે કડક કાયદો બનાવવાની માગણી સાથે. દારૂના વ્યસનથી ઠાકોર સમાજ કેટલો બરબાદ થયેલ છે, તેનો કદાચ આઝાદીના સાત દાયકા પછી પહેલી જ વાર અલ્પેશજીના આંદોલનથી અંદાજ આવ્યો છે. જે સમાજ દારૂ ગાળતો અને વેચતો હોય, જેના મતો મેળવવા ચૂંટણી ટાણે તમામ રાજકીય પક્ષો જથ્થાબંધ દારૂનું વિતરણ કરતા હોય - એ જ સમાજ આજે પાટનગરની હૃદયસ્થલીમાં દારૂબંધીના કડક કાયદા માટે અને તેના કડક

**તંત્રીસ્થાનેથી...**

અમલીકરણ માટે સત્યાગ્રહ કરે છે ત્યારે સમાજની નવી પેઢી હવે એની પરંપરાગત મેલી મથરાવટી છોડીને ઉચ્ચતર જીવનમૂલ્યો સાથે વિકાસની નવી ક્ષિતિજો આંબવા કૃતસંકલ્પ હોવાનો અણસાર આવ્યા વિના રહેતો નથી. અલબત્ત, અલ્પેશજી વારંવાર સમાજની પાસે વિશાળ વોટબેંક હોવાની ચીમકી આપી જરુર પડ્યે સરકાર ઉથલાવવા સુધીની ચીમકી આપતા રહ્યા છે. વળી આગામી ચૂંટણી પછી ઓબીસી સમાજનો મુખ્યમંત્રી હશે એવી આગાહી પણ કરતા રહ્યા છે. એમને રાજકીય પરિબળોનું છૂપું સમર્થન હોવાનું પણ કહેવાય છે. પરંતુ એ બધી બાબતોનો નજર અંદાજ કરીને એમણે એક વેરવિખેર સમાજને દારૂબંધી જેવા મુદ્દે એકત્ર કરીને સરકાર જેવી સરકારને ઝુકાવી છે, તે કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. સરકાર પણ પાટીદાર આંદોલન અને દલિત આંદોલન પછી વધુ એક આંદોલન સામે ઝીંક ઝીલવા તૈયાર ન જ હોય તે સમજી શકાય એમ છે. અલ્પેશજી ઠાકોરે ક્ષત્રિય ઠાકોર સંમેલનના મંચ પર તમામ જ્ઞાતિ સમૂહોના અને ઠાકોર રાજકીય અગ્રણીઓને સ્થાન આપ્યું તે પણ ગણતરીપૂર્વકનું જ પગલું છે. સરકારેય એમની માગણીઓનો સુવાંગ સ્વીકાર કરીને શાણપણનો જ પરિચય આપ્યો છે.

# તું તારા દિલનો દીવો થા ને ઓ રે ઓ ભાયા...શીદને લેવા તારે પારકા તેજ ને છાયા...

**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

દીપ પ્રગટાવવો એ સૌના નસીબમાં કયાંથી ? પ્રકાશ પાથરવાનુ કાર્ય બધા કરી શકે? પ્રકાશ એટલે અંધકારનો વિકલ્પ નહિ પણ જ્ઞાનનો પુંજ. પ્રકાશ પાથરવો એટલે જ્ઞાન પાથરવું. જ્ઞાન વહેંચવું. જ્ઞાનની સાથે સમજ વહેંચવી. સમજ હોવી અને સમજદાર હોવું.

વિશ્વની તમામ મુશ્કેલીઓ એક માત્ર 'સાચી સમજ' ના અભાવે પેદા થાય છે. સમજ હોવી એ ખૂબ મોટી મિરાત હોવા બરાબર છે. પ્રાણીઓ, પક્ષીઓ અને જીવજંતુઓની સૃષ્ટિમાં એકમાત્ર મનુષ્ય પાસે 'સમજ - સાચી સમજ' ની અપેક્ષા રાખવામા આવે છે.

અંગ્રેજોમાં એક સમજ એવી પ્રવર્તતી હતી કે જો ભારતને તોડવો હશે તો તેની શિક્ષણપ્રથાને સંયુકત કુટુંબપ્રથા, આદર્શસમાજ પ્રથા પર ઘા કરવો પડે અને કદાચ તેઓ તેમાં સફળ થયા હતા.

ઘરડાં મા-બાપ ગામડે એકલાં રહેતાં હોય અને દીકરાઓ પોતાના કુટુંબ સાથે નોકરી અર્થે શહેરમાં વસતાં હોય તેવા એક નહી પણ અનેક ઉદાહરણો મળે છે. નોકરી અર્થે બહારગામ જવું ખોટુ નથી. પરંતુ ઘરડાં મા-બાપની સંભાળ એ પણ સંસ્કાર ઘડતરનું એક પાસું છે. કારણ શહેરમાં રહેતાં દીકરાને પણ એક દીકરો તો છે જ. દાદાનો પૌત્ર આ બધુ જોતો ને નિહાળતો હોય છે. આજની પેઢી ખૂબજ સ્માર્ટ છે.તે નિર્વિવાદ છે. સ્માર્ટ પેઢી સાથે કેવો વ્યવહાર કરવો તે બાબતે મા-બાપ બે કદમ પાછા પડે છે.

બાળપણથી જ 'સાચી સમજ' વિકસાવી હશે તો યુવાવસ્થામાં તે પૂરબહારમાં ખીલે છે ને માત્ર ઘરના જ નહિ બહારના લોકો સાથે પણ ખૂબજ વિનય-વિવેકથી વર્તે છે. 'આ જે યુવા પેઢીમાં વિનય-વિવેકનો દુકાળ પ્રવર્તે છે'. આ વાકય સાથે મોટાભાગના મા-બાપ સંમત હશે! દીવાળીમાં દીવડાં પ્રગટાવીએ સાથે સાથે યુવાન દીકરા-દીકરીઓનાં સંસ્કાર અને મૂલ્યરૂપી દીવડાં પ્રગટાવવાનું ન ભૂલીએ.

હું તારા ઘરને શી રીતે અજવાળી શકું ?
દોસ્ત, સૌને પોતીકુ અજવાળું હોવું જોઈએ.

કોઈક કવિની આ પંકિત ચર્ચીત મુદ્દાને લાગુ પડે છે. મા-બાપના વર્તન અને વ્યવહાર જ યુવા દીકરા માટે અરિસો છે.

આજે 'સાચી સમજ'ના દીવા પ્રગટાવવાની તાતી જરૂર છે. તેના અભાવે આત્મહત્યાના બનાવો વધ્યાં છે. પ્રેમમાં નિષ્ફળતા ને કારણે હતાશા ભોગવતાં યુવાન યુવતીઓમાં સાચી સમજનો અભાવ કારણભૂત હોય છે.

દિવાળીના દીવા થકી યુવા હૈયાઓમાં 'સાચી સમજ'નો દીવો પ્રગટાવીએ, એક આખી પેઢીને તારી શકીએ તો સાચા અર્થમાં દીવાળી ઉજવી કહેવાશે.

નવા વર્ષે લોકો સંકલ્પો કરતાં હોય છે. નવા વર્ષના સંકલ્પ રૂપ એક કાવ્ય મિસરીમાં માણીએ. (શીર્ષક પંક્તિ : કવિ સ્વ. ભોગીલાલ ગાંધી)

***મિસરી :***

**કિસી ઈમ્તેહાં સે પીછે હટના નહીં સીખા**
**કભી ઉલઝનોં સે ડરકર ઝુકના નહીં સીખા**
**યે કૈસી તડપ હૈ ખીંચતી ચલી જાતી હૈ**
**હમને તો કીસી રવ મેં બહેના નહીં સીખા**
**મહેફિલ કે તકાજોંને રોકા હમે વરના**
**આઝાદ તબિયત હૈ કહીં રુકના નહિ સીખા**
**હમ જિનકી ઈનાયત કી ઉમ્મીદ મેં બૈઠે હૈ**
**ઉસને હી શરાફત કા જજબા નહી સીખા**
**રિશ્તે કી સદાકત કો છૂપાતે હો કયું માસૂમ**
**કયા રિશ્તા નિભાનેકા સલીકા નહીં સીખા**

**- માસૂમ મોડાસવી**

# બે જણાં દિલથી મળે તો એક મજલીસ છે 'મરીઝ', દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી

**વિચારયાત્રા**
ડૉ. જય ઓઝા

'ઓ હો હો ! કેટલો મોટો થઈ ગયો નહીં તમારો બાબો!'

નવા વર્ષે ઘરે અતિથિ દ્વારા હંમેશા બોલાતો આ ડાયલોગ છે.

આપણે ગુજરાતી ભાષામાં શબ્દ જ બરાબર બોલી શકતા નથી, સંબંધ, સબંધ કહીએ છીએ, એવું બોલવાની ટેવ પડી ગઈ છે, જો સાચી રીતે સંબંધ બોલી ન શકતા હોઈએ તો સંબંધોનું ઊંડાણ સમજવાની વાત તો જોજનો દૂર જ રહીને!

સૌ પ્રથમ છે ઈશ્વર પ્રણીત લોહીનો સંબંધ, આપણે જન્મ લઈએ પછી અમુક સંબંધો આપણને વળગીને જ આવે છે, માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી આ બધા સંબંધ બાંધવા જવું પડતું નથી, આપમેળે જોડાયેલા હોય છે. ઈશ્વરે આપણી પર આટલી કૃપા કરીને નીચે મોકલ્યા કારણ કે એમને ખબર હતી કે આ ઉંમરે જો પસંદગીનો અવકાશ આપીશ તો મનુષ્ય ગોથે ચડશે, અને આથી જ આપણે સમાજરૂપી આવા સુંદર ઉપવનમાં ભૂલા ન પડી જઈએ, ગૂંચવાઈ ન જઈએ તે માટે માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-બહેન ઈત્યાદિ સંબંધોની વાડ કરી વચ્ચે પુષ્પને ઉછરવાની મોકળાશ કરી આપી, અને આપણા ઉપર ફક્ત એટલી જ જવાબદારી નાખી કે હવે આ સંબંધોને સાચવવાનું કામ તારું છે. પણ આપણે ઊણા ઊતર્યા છીએ, અને આથી જ આ વાડમાં છીડાં પડી ગયા છે.

આજે લોહીના સંબંધ થીજવા લાગ્યા છે, તેમાંથી લાગણી ગાયબ થઈ ગઈ છે, આત્મીયતા, સહૃદયતા, પારિવારિક સંબંધોની ઘનિષ્ઠતા નામશેષ થઈ ગઈ છે. કાકાના દીકરા ભાઈ સાથે ખૂલી વાત થઈ શકતી નથી, અથવા એમ કહેવાય છે કે ખૂલીને વાત કરતા નથી. પિતરાઈઓ સાથે જોડે બેસીને ગપ્પા મારવાનો સંબંધ રહ્યો નથી, કોઈ મુશ્કેલી આવી ગઈ હોય તો આ ઈશ્વરદત્ત સગાઓ આગળ આપણે ઝટ દઈને દોડતા નથી, અથવા જીવનમાં આવતી નાની-નાની આનંદની ક્ષણોમાં પણ સગા યાદ આવતા નથી.

પારિવારિક સંબંધોનો માત્ર તહેવાર પૂરતો વહેવાર બની રહે છે, બેસતા વર્ષના દિવસે 'સાલ મુબારક' અથવા તો કોઈ લગ્નપ્રસંગે બુફે ભોજન લેતા-લેતા જે બે-ચાર શબ્દોની આપ-લે થાય તે. એકાદ નમૂન જોઈએ તો 'ઘણા વખતે મળ્યા કેમ?' પણ ભાઈ! રોજ મળને! કોણ ના પાડે છે? અને અત્યારે પણ શિષ્ટાચાર પૂરતા પરાણે મીઠા બે બોલ બોલવા ખાતર બોલે છે. બીજો આવો હાસ્યાસ્પદ સંવાદ છે. 'ઓ હો હો! કેટલો મોટો થઈ ગયો નહીં તમારો બાબો! આવડો હતો ત્યારે જોયો હતો.' અલાભાઈ શું તમે છેલ્લે જયારે જોયો હોય પછી સમય થંભી જાય! અને હવે તો મોટો થયો, હવે તો બાબો ન કહે, અને તમે એની જન્મતારીખ પણ યાદ છે? દર વરસે જન્મદિવસના અભિનંદન આપવા માટે જો ખાલી ફોન પણ કર્યો હોત તો આજે આવો બેહૂદો પ્રશ્ન ન પૂછવો પડ્યો હોત! પણ આપણને ટેવ પડી ગઈ છે! વાર્તાલાપની પ્રસ્તાવનાની આ જૂની રૂઢિ છે.

સંબંધોની આવી હાલત પાછળનું કારણ આપણે જ છીએ, કારણ વગરનો સંપર્ક અભદ્રતામાં ખફે છે, કાંઈક કામ હોય તો જ મળાય. અમસ્તા-અમસ્તા તો શું જવું? ખરેખર સાચું જ કહ્યું છે.

'સમય કેવો મજાનો આવ્યો છો ભગવાન!
લોકોને પ્રેમથી નામ પૂછીએ તો સામે કામ પૂછે છે!'

'અમે બે અમારા બે' સૂત્ર કુટુંબ વ્યવસ્થા માટે લાભદાયક હશે, પરંતુ આનાથી સમાજ વ્યવસ્થાને તો ચોક્કસ હાનિ જ થઈ છે.

બીજું બહાનું છે, સમય નથી મળતો, સાંજે ઑફિસથી ઘરે આવીને જમી ખાઈને ટી.વી. ચાલુ, સાચુ-ખોટું, સારું-ખરાબ જે આવે તે જોવાનું. આપણને ભલે લાગે કે ટીવીનું રીમોટ આપણા હાથમાં છે, પણ ખરેખર આપણું રીમોટ ટીવીના હાથમાં છે. ઘડીકમાં માણસને કયાંથી કયાં ફેરવી નાખે છે? હવે બોલો આટલા અમૂલ્ય કાર્યમાં આપણો સમય વ્યતિત થતો હોય તો કોઈની જોડે બેસીને ખાલી અમથા-અમથા ગપ્પા મારવાનો સમય કયાંથી મળે? આપણે કેટલી ભયંકર સામાજિક અવ્યવસ્થા સર્જી રહ્યા છીએ તેની ભયાનકતા અત્યારે નહીં સમજાય પરંતુ ઉંમરના અમુક ચોક્કસ પડાવ પછી નિવૃત્તિના સમયમાં જયારે ખાલી સમય ખાવા દોડશે ત્યારે સમજાશે.

સંબંધમાં ગણિતના દાખલાની જેમ, ગણતરીપૂર્વકના પગલાં માંડવામાં આવે છે, કોણ કેટલું મદદરુપ થશે એનો હિસાબ માંડીને પગલાં ભરવાના. વર્તમાનમાં આ સંબંધ કેટલો ફાયદાકારક છે, ભવિષ્યમાં કેટલો લાભ થશે તેની ગણતરી કરવાની. આ સંબંધ નથી સોદાબાજી છે. સંબંધ વિકસાવવા માટે દંભી પાર્ટીઓનું આયોજન થાય, કીટી-પાર્ટી, પીકનીક, ન્યૂ-યર ઈવનીંગ યોજાય, કહેવાતા સભ્ય લોકો તેમાં ભાગ લે. ૧૭૫ રૂ.ની ડીશ જમાય, સ્ત્રીઓ પોતાના આભૂષણ અને અવનવા ડ્રેસ વિશે અને પુરુષો પોતાના વ્યવસાયના બણગાં ફૂંકીને છૂટા પડે, આ મિજબાની ન કહેવાય દંભી લોકોનો કુંભમેળો કહેવાય.

બે જણાં દિલથી મળે તો એક મજલીસ છે 'મરીઝ'
દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.

બાકી ચાર જણ ચાની લારીએ ભેગા થઈ મૂંઢા પર બેઠા બેઠા ચાર અડધી ચાની ચૂસકી લેતા એક-મેકના સુખદુઃખની વાતો કરી ફૂલ જેવા હળવા બની છૂટા પડે, બે ઘડી પોતાના તમામ દર્દ ભૂલી અનંતનો આનંદ પામે. હવે બોલો ઉપરના બેય ચિત્રમાંથી તમે કયાં ચિત્રમાં ગોઠવાવાનું પસંદ કરશો?

સંબંધોનો બધો આધાર તમારા પર છે, સંબંધ તો માણવાની વસ્તુ છે, કોઈ ફરજના ભાગરૂપે લઈએ તો એ સંબંધ તમે નિભાવો છો તેમ માનવું. સંબંધો સાચવવા માટે થોડું જતું કરવાની ભાવના હોવી જરુરી છે, સામે પક્ષેથી આકાંક્ષાઓ અને અપેક્ષાઓ રાખવાના બદલે તમે કેવી રીતે તેને સંતોષી શકશો તેની ચિંતા કરવી, સંબંધની વાત આવે ત્યારે ગણતરી-બાજ મગજની બારીઓ સજ્જડ બંધ કરીને, હૃદયના દ્વાર ઉઘાડી નાખવા. જગજિતસિંહની ગઝલનો એક શેર છે.

બોતલ ખોલ કે તો પી બરસો,
આજ દિલ ખોલ કર ભી પી જાએ.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# શબ્દો અને મૌન બંને થકી પ્રગટ થાય છે વહાલ અને વાત્સલ્ય, પ્રેમ અને પ્રાર્થના

**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'પપ્પાજીની સ્મૃતિમાં સ્વજનો અને પ્રિયજનોને આપણે કાંઈક સ્મૃતિ ભેટ જેવું આપીએ.'

પત્ની હીનાએ જીતેષને કહ્યું. બંને વચ્ચે વાતચીત ચાલતી હતી એમાં જીતેષની બહેન સોનલ ઘરમાં પ્રવેશી અને સહુએ સાથે મળીને નિર્ણય કર્યો કે પપ્પાજીની સ્મૃતિમાં એક એવું પુસ્તક આપીએ જે સહુના રોજિંદા જીવનમાં માર્ગદર્શક હોય. અને એમણે એક પુસ્તક પસંદ કરીને મિત્રોને વહેંચ્યું.

વાત છે વાપી શહેરની. દક્ષિણ ગુજરાતનું આ શહેર મહારાષ્ટ્ર રાજયની સરહદ નજીકનું ગામ છે. વરસોથી અહીં ઉદ્યોગોની જાહોજલાલી છે. ગુજરાતના અને પરપ્રાંતના વ્યાપારીઓ - શેઠીયાઓ અને શ્રમિકો અહીંના ઉદ્યોગો સાથે જોડાયેલા છે.

અહીં જ આ પરિવાર દાયકાઓથી સેટલ થયો છે. એમનું મૂળ વતન સૌરાષ્ટ્ર પરંતુ અહીં જ બધાનો અભ્યાસ અને ઉછેર થયો.

આ પરિવારના મોભીનું તાજેતરમાં અવસાન થયું. આઠ દાયકાથી એમની જીવનયાત્રામાં એમણે પરસેવાનો- પરિશ્રમનો- પ્રેમનો-પ્રાર્થનાનો માર્ગ પસંદ કર્યો. દેરાસર દર્શને જાય, પરંતુ ધાર્મિક કાર્યોમાં પૈસા ખરચવા કરતા એમને શૈક્ષણિક-માનવતાના-ગરીબોને સહાયના કાર્યોમાં જોડાવાનું વગેરે કાર્ય વધુ પસંદ આવે. આ દિશામાં કોઈને ખબર પણ ન પડે એ રીતે તેઓ જરૂરીયાત મંદોને હંમેશા મદદ કરતા રહ્યા. માણસને એમણે માણસ તરીકે જ જોયો અને એટલે માનવતાથી ભર્યો ભર્યો વ્યવહાર જ એમણે સૌની સાથે કર્યો.

એમના દેહાવસાન બાદ પરિવારના સભ્યોને લાગ્યું કે, પપ્પાની સ્મૃતિમાં સ્વજનોને કાંઈક આપીએ. ઓડિયો સીડી - ધાર્મિક પુસ્તકો - મોટીવેશનલ સીડી તથા પુસ્તકો એમ અનેક વિકલ્પો વિશે વિચારણા થઈ હતી. એમાં સોનલનો પ્રવેશ થયો અને પુસ્તક નક્કી થયું જેનું શિર્ષક છે 'અનોખી ભેટ' અને લેખક છે જીમ સ્ટોવેલ.

તુરંત જ સોનલે એના પારિવારિક મિત્રને ફોન જોડ્યો અને કહ્યું, 'તમારી પાસે મેં તમને મોકલેલું અનોખી ભેટ પુસ્તક હશે...'

મિત્રએ વાત કાપીને કહ્યું, 'હા હું અનુકૂળતાએ પરત મોકલું છું.'

સોનલે કહ્યું, 'અરે ભાઈ, સાંભળો તો ખરા! પુસ્તક પાછું નથી જોઈતું. પણ એ તમારી દીકરી સ્તુતિએ વાંચ્યું? મિત્રએ કહ્યું નવી જનરેશન તો અંગ્રેજી મીડિયમ વાળીને...'

અને એક વધુ નિર્ણય લેવાયો કે પરિવાર-પાત્રને અનુરુપ - ગુજરાતી અંગ્રેજી બંને પુસ્તકો આપવા જેથી વધુ લોકો સુધી વાત પહોંચે. અને પરિવારે પ્રિયજનોને - મિત્રોને આ પુસ્તક ભેટ રૂપે મોકલ્યું.

અંગ્રેજી મૂળ પુસ્તક 'અલ્ટીમેટ ગિફ્ટ' સ્તુતિને દિવાળી પહેલાના દિવસોમાં જ મળ્યું અને એ સમજણપૂર્વક - ભાવપૂર્વક વાંચી ગઈ... બે દિવસમાં પૂરું કરીને રાજી રાજી થઈ ગઈ ને દિવાળીના દિવસોમાં વધુ ને વધુ હસતી ગી - પ્રેમ વહેંચતી ગઈ - મિત્રોમાં અને ગરીબોમાં.

આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ કર્યો છે નીતા રેશમીયાએ 'અનોખી ભેટ'નામે

મૂળ લેખક જીમ સ્ટોવેલ પ્રજ્ઞાચક્ષુ છે, વજન ઊંચકવાની સ્પર્ધામાં એમણે ઓલિમ્પિકમાં ભાગ લીધો છે. નાણાંકીય સલાહકાર છે અને ટીવીના ટૉક-શોના સંચાલક પણ છે.

પુસ્તકમાં હોવર્ડ રેડ સ્ટીવન્સ નામના અબજોપતિના વસિયતનામાની વાત છે અને વાર્તામાં કે વાતમાં હીરો છે એનો એક ભત્રીજો, જેનું નામ છે જેસન. એક સાથે, વાંચી જવા પ્રેરિત એવી પક્કડ ધરાવતા આ પુસ્તકમાં આપણે કોઈને ભેટ રૂપે શું શું આપી શકીએ? એ પ્રશ્નના ઉત્તરો વણાતા ગયા છે.

અનોખી ભેટ એટલે પરિશ્રમ-ધન-મૈત્રી-ભણતર-સમસ્યા-પરિવાર-હાસ્ય-સપના-અર્પણ-કૃતજ્ઞતા-એક દિવસ અને પ્રેમ જેવી ૧૨ ભેટના પ્રવાહમાં વાચક તણાતો જાય છે અને એની ભીનાશ હૈયાને ભીંજવતી જાય છે.

આપણા રોજિંદા વ્યાવહારિક અને સામાજિક જીવનમાં આપણે સામેના પાત્રને શું શું ભેટમાં આપી શકીએ?

સહજ હાસ્ય-ઉષ્માપૂર્વક પ્રતિસાદ-હુંફાળો સ્પર્શ-આંખોનો હકારાત્મક અણસાર - વહાલ - વાત્સલ્ય-આલિંગન આ બધું જ આપી શકીએ - સાચ્ચા દિલથી આ બધું જ થાય ત્યારે એ અવલોકનનો નહિ - અનુભૂતિનો મામલો બની જાય છે.

શબ્દો અને મૌન બંને થકી પ્રગટ થાય છે વહાલ અને વાત્સલ્ય, પ્રેમ અને પ્રાર્થના. એને પામવા, સામેના વ્યક્તિ તરફથી આવતી ઉર્જાને - પ્રેમને ઝીલવા વ્યક્તિ સાક્ષર હોય એ નહિ સભર હોય એ વધુ જરૂરી છે. અનોખી ભેટ રૂપે જયારે જયારે જયાં જયાં, ભૌતિક કે આધ્યાત્મિક રૂપે, બાહ્ય કે આંતરિક રૂપે કોઈના દ્વારા, કોઈને અપાય છે ત્યારે એ આપનાર અને સ્વીકારનાર બંનેના જીવનમાં અજવાળાં અજવાળાં રેલાય છે.

***તેજપુંજ :***

જીવનને સંપૂર્ણપણે માણવું - જીવવું એ જ અનોખી ભેટ છે. દરેક દિવસ, એટલે કે આજનો દિવસ જીવી જવો એ જ જીવનનો સાર છે.